જસદણ વિભાગીય કચેરી, સરકારી હોસ્પિટલ નજીક, ગેબનશાહ સોસાયટી, જૂના પાવર હાઉસ, જસદણ – ૩૬૦ ૦૫૦ દ્વારા પેટા વિભાગીય કચેરી મોઢુકા માટે એક ટેકસી પાસીંગ એ. સી. વાળું ક્લોઝ બોડી જીપ વાહન નાયબ ઇજનેર(સં. અને નિ.) તથા લાઇન મેંટેનન્સ કામ માટે તથા કચેરી ના કામ માટે અથવા સમકક્ષ વાહન ૨૪ કલાક માટે ડીઝલ અને ડ્રાઈવર સાથે ટેન્ડર ખુલ્યા તારીખ થી ૦૨ (બે) વર્ષથી જુનું ન હોય તેવું ૦૧ (એક) વાહન ભાડે રાખવા માટે સબંધિત ઠેકેદારો પાસે થી N Procurement માં અલગ અલગ ભાવો મંગાવવામાં આવે છે.

## ટેન્ડર નં.૬૧-૨૦૨૬ અંગેની માહિતી

**Ref.** RRC/T-2/Advt./2025-'26/06/2405,06 Dt.16.07.2025
PGCOR/1090/07/2025 Dt.14.07.2025
PGCOR/1307/07/2025 Dt.10.07.2025
JDO/T-1/Tender. Req. /3161 Dt.05.07.2025

| | |
|---|---|
| TENDER AMOUNT : | ₹. 9,90,000/- |
| TIME LIMIT FOR TENDER : | 365 DAYS |
| TENDER FEE AMOUNT (NON REFUNDABLE) : | ₹. 885/- |
| TENDER EARNEST MONEY DEPOSITE AMOUNT : | ₹. 9900/- |
| Date From Which Tender will be offer: | 15-06-2026 |
| On line ( E-Tendering ) tender offer Submission Technical Bid & SOR - Documents download from N-Procurement last Date : (This is mandatory) | 23-06-2026 up to 16:00 hours |
| Original Documents Relevant to tender Fee & EMD (if paid through online mode) submission last date.(This is mandatory) | 23-06-2026 up to 16:00 hours |
| Date of opening of On Line Tender fee, EMD bid at Date : (Tentative if possible) | 23-06-2026 @ 17:00 hours |
| Date of opening of On Line Technical Bid at Date : (Tentative if possible) | 23-06-2026 @ 17:30 hours |
| Date of on line opening of On Line Price bid, Date : (Tentative if possible) | 23-06-2026 @ 17:45 hours |

- ટેન્ડર ફી ની રકમ અને બાનાની રકમ (E.M.D.) NEFT/RTGS થી અથવા (10000/-સુધી) અત્રેની કચેરી ઓફીસ સમય દરમિયાન રોકડા ભરવાના રહેશે.
- શેડયુલ – 'એ' તથા શેડયુલ – 'બી' મુજબની અધુરી વિગત સાથેનું ટેન્ડર, ટેન્ડર ફી ની રકમ અને બાનાની રકમ (E.M.D.) કેશ/ઓન લાઇન ન ભર્યા હોય તેવા ટેન્ડર ભાવપત્રક રદ થવા પાત્ર છે.
- ટેન્ડર ફી ની રકમ અને બાનાની રકમ (E.M.D.) મોકલવાની છેલ્લી તારીખ અને સમય પછીના મળેલ ટેન્ડર રદ થવા પાત્ર છે. ટેન્ડર ફીની રકમ પરત મળવા પાત્ર નથી ( Non Refundable ).
- મંજુર થયેલને ટેન્ડર માટે ₹ ૪૯,૫૦૦=૦૦/- ( ૦૫=૦૦% રકમ ) ડીપોઝીટ રકમ તરીકે પીજીવીસીએલ - જસદણ ના

તરફેણમાં ઓર્ડર મળ્યા પહેલા ભરવાના રહેશે.

- ટેન્ડર અંગેની માહિતીમાં જણાવેલ તારીખ સુધીમાં આવેલ ટેન્ડરો દર્શાવેલ તારીખે ખોલવામાં આવશે.
- ટેન્ડરની વેલીડીટીની મુદ્દત ૧૨૦ દિવસની રહેશે.
- **પીજીવીસીએલ કોઇપણ કે બધા ટેન્ડર કોઇપણ કારણ દર્શાવ્યા વગર રદ કરવાની અબાધિત સત્તા રાખે છે.**
- **ન્યાયક્ષેત્ર જસદણ/રાજકોટ ખાતે જ રહેશે.**

**ACCOUNT DETAILS FOR RTGS/NEFT:**

| | |
|---|---|
| Name of Account Holder | Paschim Gujarat Vij Company Limited |
| Account No. | 31005140895 |
| Name of Bank | STATE BANK OF INDIA |
| Name of Branch | PATEL STREET, JASDAN - Gujarat |
| Branch Code | 60077 |
| MICR Code | 360002141 |
| IFSC Code | SBIN0060077 |

**Note:-** Payment of tender fee and EMD made through NEFT/RTGS then bidder have to upload successful transaction's UTR No. and Date with bifurcated paid amount on the letter head of the bidder without fail.

Other terms and conditions as per tender documents.

## ટેન્ડર ભરવા માટેની અગત્યની સુચના

**ટેન્ડર નીચે મુજબની સુચના ભરી મોકલવું.**

- પીજીવીસીએલ દ્વારા **N-procurement** પરથી ડાઉન લોડ કરવાનું અને ભાવ પણ **N-procurement** માં જ ભરવાના રહેશે. ટેન્ડર ૦૩ ભાગમાં વહેંચાયેલ છે. ભાગ – ૦૧ : ટેન્ડર રજુ કરવાની અરજી (શેડયુલ – 'એ') ભાગ – ૦૨ : શેડયુલ – 'બી' અને ભાગ – ૦૩ : કોમર્શીયલ ટર્મ & કંડીશન ( શેડયુલ – 'સી' )
- ભાગ – ૦૧ : ટેન્ડર રજુ કરવાની અરજી ( શેડયુલ – 'એ' ) અને ભાગ – ૦૨ : શેડયુલ – 'બી' જરૂરી દસ્તાવેજો સાથે અત્રેની કચેરીને **N-procurement** માં પહોંચાડવાનું રહેશે. ( **ઈએમડી એને ટેન્ડર ફી ઓન લાઇન/રોકડ(૧૦,૦૦૦/-) સુધી ભરી શકાશે.**
- ભાગ – ૦૩ : કોમર્શીયલ ટર્મ & કંડીશન ( શેડયુલ – 'સી' )માં ટેન્ડરની શરતો દર્શાવેલ છે.

**કાર્યપાલક ઇજેનરશ્રી,**
**પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**
**જસદણ વિભાગીય કચેરી, સરકારી હોસ્પિટલ નજીક, ગેબનશાહ સોસાયટી,**
**જૂના પાવર હાઉસ, જસદણ – ૩૬૦ ૦૫૦**

## ટેન્ડર રજુ કરવાની અરજી ( શેડયુલ – 'એ' )

નામ ..............................................................

સરનામુ ..............................................................

..............................................................

પીન કોડ ..............................................................

મો ......................... તા-..............................

પ્રતિશ્રી, કાર્યપાલક ઇજનેર શ્રી,

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, જસદણ વિભાગીય કચેરી,

સરકારી હોસ્પિટલ નજીક, ગેબનશાહ સોસાયટી, જૂના પાવર હાઉસ, જસદણ – ૩૬૦ ૦૫૦

વિષય : પીજીવીસીએલ, જસદણ વિભાગીય કચેરી હેઠળ આવેલ પેટા વિભાગીય કચેરી મોઢુકા માટે એક ટેકસી પાસીંગ એ. સી. વાળું ક્લોઝ બોડી જીપ વાહન નાયબ ઇજનેર(સં. અને નિ.) તથા લાઇન મેંટેનન્સ કામ માટે તથા કચેરી ના કામ માટે અથવા સમકક્ષ વાહન ૨૪ કલાક માટે ડીઝલ અને ડ્રાઈવર સાથે વાહન ભાડે રાખવાના કામ નુ ટેન્ડર નં ... ૬૧-૨૦૨૬ ... સ્વીકારવા બાબત.

જય ભારત સાથ જણાવવાનુ કે ઉપરોકત સરનામે રહુ છુ .અને આપની કચેરી દ્વારા માંગવામાં આવેલ ગાડી ભાડે આપવા માંગુ છુ .આ સાથે નીચે મુજબના દસ્તાવેજો બીડેલ છે.

--- ટેન્ડર ભરનારના નામનાં ટેક્ષી પાસીંગ વાહનની આર.સી. બુકની નકલ, વીમોની નકલ, PUC અથવા નવા વાહન ખરીદવાનું કોટેશન (ઓરિજિનલ). ડ્રાઈવિંગ લાયસન્સ, ગાડીને સંલગ્ન સંપૂર્ણ વિમાની નકલ, આર.ટી.ઓ.ને લગતા દસ્તાવેજો, આર.સી.બુક, ડ્રાઈવરની આંખનું ફિટનેસ પ્રમાણપત્ર (ઓરિજિનલ-તાજેતરનું અને ૬ માસથી જૂનું ન હોય તેવું) તેમજ જરૂરી અન્ય દસ્તાવેજો ભાવપત્રક સાથે **N-procurement** માં રજૂ/અપલોડ કરવા ફરજિયાત રહેશે અન્યથા ભાવપત્રક રદ થશે. તમામ દસ્તાવેજો સ્વ-પ્રમાણિત કરેલા અપલોડ કરવાના ફરજિયાત રહેશે.

--- ગુડસ એન્ડ સર્વિસ ટેક્ષ રજીસ્ટ્રેશન ની નકલ અથવા બાહેધરી પત્ર

--- ટેન્ડર ફી ભર્યા નો UTR No./ Transaction No.: ........................ / રસીદ નંબર...................... તા ...................

--- ઈ.એમ.ડી. ભર્યા નો UTR No./ Transaction No.: ........................ / રસીદ નંબર...................... તા ...................

આ ઉપરાંત અમો બાહેંધરી આપીએ છીએ કે અમો જીયુવીએનએલ અને તેની કોઈપણ પેટા કંપની દ્વારા સ્ટોપ ડીલ/ બ્લેક લીસ્ટ થયેલ નથી. ટેન્ડર મંજુર થશે તો દિન-30 માં ટેન્ડરની શરતોને આધીન ભાડાની ગાડી આપવાની બાહેધરી આપુ છુ, જો એમ કરવામાં નિષ્ફળ જાવ તો મારી EMDની રકમ પી.જી.વી.સી.એલ. દ્વારા જપ્ત પણ કરી શકાય છે. ટેન્ડરની કોમર્શીયલ ટર્મ & કંડીશન (શેડયુલ – 'સી') ની શરતો મેં વાંચી છે, સમજી છે અને મને બંધનકર્તા રહેશે. ઉપરોકત બાબતો ધ્યાને લઇ મારું ટેન્ડર સ્વીકારવા નમ્ર વિનંતી.

આપનો વિશ્વાસુ

.............................................

## : ગુડસ એન્ડ સર્વિસ ટેક્ષ નું બાહેધરી પત્ર :

આથી હું નીચે સહી કરનાર ................................................................................ ધર્મે .......... ઉ.વ. આશરે ....... વિભાગીય કચેરી જસદણ ખાતે ટેકસી પાસીંગ વાહનનું ટેન્ડર માંગેલ છે. જેમાં ગુડસ એન્ડ સર્વિસ ટેક્ષ રજીસ્ટ્રેશનની નકલ માંગેલ છે. પરતું ગુડસ એન્ડ સર્વિસ ટેક્ષનાં નિયમોએ આધીન મારે ગુડસ એન્ડ સર્વિસ ટેક્ષનું રજીસ્ટ્રેશન લાગુ પડતું નથી. અને જો ભવિષ્યમાં લાગુ પડશે તો રજીસ્ટ્રેશન કરાવી લઇશ તેવી બાહેધરી આપું છું. અને આ અંગેની તમામ જવાબદારી મારી રહશે.

આપનો વિશ્વાસુ

.............................................

# ભાવ પત્રક : શેડયુલ – 'બી'

**પીજીવીસીએલ, જસદણ વિભાગીય કચેરી હેઠળ આવેલ પેટા વિભાગીય કચેરી મોઢુકા માટે એક ટેકસી પાસીંગ એ. સી. વાળું ક્લોઝ બોડી જીપ વાહ્ન નાયબ ઇજનેર(સં. અને નિ.) તથા લાઇન મેંટેનન્સ કામ માટે તથા કચેરી ના કામ માટે અથવા સમકક્ષ વાહ્ન ૨૪ કલાક માટે ડીઝલ અને ડ્રાઈવર સાથે ભાડે રાખવા**

નિવેદા નંબર : ૬૧-૨૦૨૬

(બે વર્ષથી વધુ જુનું વાહ્નનું મોડેલ ન હોય તેવું ડ્રાઈવર –ડીજલ સાથે ૨૪ કલાક માટે)

| ક્રમાંક | કામની વિગત | કંપનીનો માન્ય ભાવ પ્રતિ એક ગાડી માટે રૂ. = પૈસા | ટેન્ડર ભરનારનો ભાવ |
|---|---|---|---|
| (૧) | વીંછીયા શહેરમાં અથવા ગુજરાત રાજયમાં જરૂરીયાત મુજબ ૩૦૦૦ કિલોમીટરની મર્યાદાની મુસાફરીનું માસીક ભાડુ | ૫૪,૨૦૦=૦૦ | Submit Your Rate in N-Code Solution Web Site |
| (૨) | માસીક ૩૦૦૦ કિલોમીટરની મર્યાદાથી વધારે મુસાફરી માટેનુ કિલોમીટર દીઠ ભાડુ | ૧૦=૧૦ | |

----------------------------

વાહ્ન ભાડે આપનારની સહી અને પુરૂ નામ લખવાનુ રહેશે.

કાર્યપાલક ઈજનેર,
પ.ગુ.વિ.કું.લી., વિભાગીય કચેરી,
જસદણ

નોંધ :

1) ઉપરોક્ત ભાવપત્રક કંપની માન્ય છે. ભાવ ભરનારે તેમના ભાવ **N-procurement** પર ડિજિટલ સિગ્નેચર કી દ્વારા આપવાના રહેશે. અન્ય કોઇપણ રીતે આપવામાં આવેલ પાર્ટીના ભાવપત્રક માન્ય રાખવામા આવશે નહીં.
2) ક્રમાંક નંબર ૦૧ નો ભાવ લોએસ્ટ બીડર તરીકે ગણવામાં આવશે.
3) નાઈટ હોલ્ટનાં અલગથી ચાર્જ ચુકવવામાં આવશે નહિ.
4) શરતી ભાવ સ્વીકાર્ય નથી.
5) ઓર્ડરની સમયમર્યાદા ૧૨ (બાર) માસની અથવા તો ઓર્ડરની કિંમત મુજબની મર્યાદામાં બે માંથી જે વહેલા પુરૂ થશે તે ગણતરીમાં લેવામાં આવશે.

# <u>નિવેદા નંબર : ૬૧-૨૦૨૬ કોમર્શીયલ ટર્મ & કંડીશન ( શેડયુલ – 'સી' )</u>

**<u>પીજીવીસીએલ, જસદણ વિભાગીય કચેરી હેઠળ આવેલ પેટા વિભાગીય કચેરી મોઢુકા માટે એક ટેકસી પાસીંગ એ. સી. વાળું ક્લોઝ બોડી જીપ વાહન નાયબ ઇજનેર(સં. અને નિ.) તથા લાઇન મેંટેનન્સ કામ માટે તથા કચેરી ના કામ માટે અથવા સમકક્ષ વાહન ૨૪ કલાક માટે ડીઝલ અને ડ્રાઈવર સાથે ભાડે રાખવા (એ. સી. વાળું ક્લોઝ બોડી જીપ)</u>**

1 ઓર્ડરની સમયમર્યાદા ૧૨ (બાર) માસની અથવા તો ઓર્ડરની કિંમત મુજબની મર્યાદામાં બે માંથી જે વહેલા પુરૂ થશે તે ગણતરીમાં લેવામાં આવશે.

2 પીજીવીસીએલ અને એજન્સીની સંમતિથી (મૂળ વર્ક ઓર્ડરના ભાવ અને શરતો ને આધીન) વર્ક ઓર્ડર વાહનનાં મોડલની પાંચ વર્ષની મર્યાદામાં રહીને વધુમાં વધુ ૫ (પાંચ) (એક વર્ષ મુખ્ય વર્ક ઓર્ડર તેમજ ત્યારબાદના ચાર વર્ષ સુધી જ- એમ કુલ પાંચ) વર્ષ સુધી રાખવામાં આવશે, અથવા વર્ક ઓર્ડરની બાકીની રકમ પૂરતી વધારાની સમય મર્યાદા આપવામાં આવશે નહીં જો વાહન ના રજીસ્ટ્રેશન થી પાંચ વર્ષ પૂર્ણ થયેલ હશે તો.

3 જે વાહન આપના તરફથી આપવામાં આવે તે વાહન પ્રાદેશીક વાહન અધિકારીની કચેરી ની પ્રથમ નોંધણીની તારીખ થી ટેન્ડર ખોલવાની તારીખે બે (૦૨) વર્ષ થી વધુ જુનું ન હોવું જોઇએ.

4 ભાડે આપેલ વાહનનું આર.ટી.ઓ.માં <u>ટેક્ષી પાસીંગ</u> તરીકે પબ્લીક વપરાશ માટે ટેક્ષી ક્વોટામાં રજીસ્ટ્રેશન થયેલ હોવુ જરૂરી છે. એ સીવાયનુ કોઇપણ પાસીંગ માન્ય નહી ગણાય. આ બધા ઓરીજીનલ દસ્તાવેજો વાહનની સાથે રાખવાના રહેશે. જે વાહનના ભાવ તથા પેપર્સ આપેલા હશે તે જ વાહન આપવાનુ રહેશે અને તે વાહન જ માન્ય રહેશે.

5 વાહનનો સંપૂર્ણ (full) વીમો, પોલ્યુશન કંટ્રોલ સર્ટીફીકેટ, આર.ટી.ઓ., ટેક્ષી પાસીંગ, પીયુસી, પ્રોવીડન્ડ ફંડની નકલ, ગુડસ & સર્વીસ ટેક્ષ રજીસ્ટ્રેશન, લાયસન્સ અંગેની તેમજ તમામ પ્રકારની સરકારી કાયદાકીય જવાબદારી ફરજિયાત કોન્ટ્રાકટરની એટલે કે વાહન ભાડે આપનારની રહેશે.

6 વાહનમાં આર.ટી.ઓ. પાસીંગ પ્રમાણેની સીટીંગ કેપેસીટીનો વાહનમાં બેસનારનો સંપૂર્ણપણે વિમો કવર થાય તે મુજબ "કોમ્પ્રેહેન્સીવ" વિમાની પોલીસી લેવાની રહેશે. તેની પ્રમાણીત કોપી એન્જીનીયર ઇન્ચાર્જને રજુ કરવાની રહેશે. પોલીસીની મુદત કોન્ટ્રાકટ સમય દરમ્યાન પુરી થતી હોય તો તે સમયસર રીન્યુ કરવાની જવાબદારી ઉભી થશે તો તે વાહન ભાડે આપનારની રહેશે. જેની નકલ તુરત જ રજુ કરવાની રહેશે.

7 મુસાફરી દરમ્યાન વાહનને કે તેમાં બેઠેલા પીજીવીસીએલનાં સ્ટાફને કે ત્રાહિતહિતને નુકશાનકર્તા કોઈપણ જાતનો અકસ્માત થશે તો તેની તમામ પ્રકારની આર્થીક અને કાયદાકીય જવાબદારી કોંન્ટ્રાકટરની રહેશે, જે બદલ કોંન્ટ્રાકટરે ઈન્ડેમ્નીટી બોન્ડ કરી આપવાનું રહેશે અને જરૂરી સંપૂર્ણ (full) વિમો લેવાનો રહેશે.

8 કોન્ટ્રાકટરે તેનો પી. એફ. નંબર આપવાનો રહેશે અથવા રૂ. ૫૦/- નાં સ્ટેમ્પ પેપર ઉપર કુલમુખત્યારનામું/સોગંધનામું સરકારના માન્ય નોટરી દ્વારા રજુ કરવાનું રહશે.

9 ધારાધોરણ મુજબ જો લાગુ પડતો હોય તો ગુડસ એન્ડ સર્વિસ ટેક્ષ અલગથી ચુકવવામાં આવશે તેમજ ટેક્ષ નોંધણીનું સર્ટીફીકેટ રજુ કરવાનું રહેશે. જો આ ટેક્ષ અલગથી દર્શાવેલ નહી હોય તો ભરવાપાત્ર થતો નથી તેવુ બાંહેધરી પત્રક રજુ કરવાનું રહેશે. સરકારી પ્રવર્તમાન અથવા ભવિષ્યમાં લાગુ પડતા તમામ ટેક્ષ/વેરાની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.

10 કામગીરી સમગ્ર ગુજરાતમાં જયાં જણાવે તે પ્રમાણે કરવાની રહેશે. તેમજ કાર્યપાલક ઇજનેર/નાયબ ઇજનેર/ સક્ષમ અધિકારીની સુચના મુજબ આપનું વાહન ફાળવવાનું રહેશે. આ ઓર્ડરની કંપનીને જરૂરિયાત નહીં રહે તો સંપૂર્ણ પણે વાહન બંધ કરવાનો અબાધિત અધિકાર કાર્યપાલક ઇજનેરશ્રીને રહેશે.

11 વાહનમાં પુરતું ડીઝલ તથા મુસાફરી દરમિયાન ડીઝલ / ટોલ ટેક્ષનાં નાંણા, રહેવા / જમવાના નાંણા ડ્રાઈવર પાસે હોવા જરૂરી છે.

12 સામાન્ય રીતે કામગીરીનો સમય ચોવીસ -૨૪ કલાકનો જરૂરીયાત પ્રમાણે રહેશે. આ અંગે નીયમ અનુસાર (કામના કલાકો અનુલક્ષીને) વાહન માટે જરૂરીયાત મુજબના ડ્રાઇવરની વ્યવસ્થા કોન્ટ્રાકટરે કરવાની રહેશે. તેની પાસે સરકાર માન્ય જરૂરી લાયસન્સ તથા બેઇઝ ધરાવતા હોવા જોઇએ. જેની પ્રમાણીત નકલ અત્રેની ઓફીસે રજુ કરવાની રહેશે. અને કોંન્ટ્રાકટ સમય દરમ્યાન તે વેલીડ હોવું જોઈએ. અન્યથા કોઈપણ પ્રકારની જવાબદારી ઉભી થશે તો તે વાહન ભાડે આપનાર ની રહેશે.

13 વાહનના ડ્રાઈવરનો પગાર ખર્ચ, ભથ્થું તેમજ મોબાઇલ તમામ ખર્ચ કોન્ટ્રાકટરે જ ભોગવવાનો રહેશે. સીયુજી મોબાઇલ રાખવાનો ઇચ્છનીય રહેશે અને તે અથવા અન્ય મોબાઈલ સતત ૨૪ કલાક ચાલુ રાખવાનો રહેશે. ડ્રાઇવરની ઉંમર ૪૦ વર્ષથી નીચી ઇચ્છનીય પરંતુ ૫૫ વર્ષથી વધુ ન હોવી જોઇએ. ડ્રાઇવરે કોઇપણ જાતનો કેફી પદાર્થ નું સેવન કરવાનું નથી તેમજ ક્યારેય સાથે રાખવાનાં નથી.

14 વાહનનો ઉપયોગ ઓફીસરની સુચના પ્રમાણે કરવાનો રહેશે. ડ્રાઇવરે દરેક વ્યકિત સાથે સભ્યતાથી વર્તવાનું રહેશે. ગેરવર્તુંણંકનો રીપોર્ટ થયેથી તાત્કાલીક અસરથી નોટીસ આપ્યા વગર ગમે ત્યારે કોન્ટ્રાકટ રદ બાતલ કરવામાં આવશે, જે અંગે કોન્ટ્રાકટર કોઇ વાંધો ઉઠાવી શકશે નહી.

15 વાહન સંપૂર્ણ પણે ચાલુ સ્થિતીમાં, સ્વચ્છ અને સુઘડ રાખવાનુ રહેશે. તથા વાહન સાથે જરૂરી વધારાની આઇટમ જેમકે સ્પેર વ્હીલ, જેક, વી-બેલ્ટ, ફયુઝ વિગેરે રાખવાના રહેશે. ઉપરોકત કલમ ભંગ થયે રૂ. ૧૦૦.૦૦ ની પેનેલ્ટી પેટે દર વખતે ચુકવવાના રહેશે. ત્રણ વખતે કે વધુવાર પેનેલ્ટી થયે તાત્કાલીક અસરથી નોટીસ આપ્યા વગર કોન્ટ્રાકટ રદ બાતલ કરવામાં આવશે, જે અંગે કોન્ટ્રાકટર કોઇ વાંધો ઉઠાવી શકશે નહી.

16 બહારગામ વિઝીટ દરમીયાન અધિકારીની સુચના પ્રમાણે જે તે સમયે અને સ્થળે હાજર થવાનુ રહેશે. ઉપરોકત કલમ ભંગ થયે રૂ. ૧૦.૦૦ પ્રતિ મોળા પડેલ મીનીટ (ન્યનત્તમ રૂ. ૧૦૦.૦૦ અને મહત્તમ રૂ ૫૦૦.૦૦) ની પેનેલ્ટી + દરેક પ્રકારની પેનલ્ટિ ઉપર લાગુ પડતાં ટેકસીસ (અન્ય જો કોઈ પણ હોય તો) સરકારશ્રીની નક્કી કરેલ ધારા ધોરણો મુજબ .એસ.ટી. અને સેસ પેટે દર વખતે ચુકવવાના રહેશે. ત્રણ વખતે કે વધુવાર પેનેલ્ટી થયે ઓર્ડર તાત્કાલીક અસરથી નોટીસ આપ્યા વગર કોન્ટ્રાકટ રદ બાતલ કરવામાં આવશે, જે અંગે કોન્ટ્રાકટર કોઇ વાંધો ઉઠાવી શકશે નહી.

17 બહારગામ વિઝીટ દરમ્યાન અચાનક વાહન બગડે તો કોંન્ટ્રાકટરે પોતાના ખર્ચે જે તે જગ્યાએ નવા વાહનની તાત્કાલીક વ્યવસ્થા કરી આપવાની રહેશે અને તે માટેની સુચના ડ્રાઈવરને આપવાની રહેશે. અને તે વાહન ટેક્ષી પાસીંગ ધરાવતું હોવું જોઈએ. તેમજ જરૂરી વિમો, પોલ્યુશન સર્ટીફીકેટ ધરાવતું હોવું જોઈએ અને આ બાબતની સંપુર્ણ જવાબદારી વાહન ભાડે આપનારની જ રહેશે.

18 સંજોગોવશાત તમો કોઈપણ દિવસ માટે વાહન આપવામાં નિષ્ફળ જશો તો તે દિવસે તમારે વૈકલ્પિક વ્યવસ્થા કરી આપવાની રહેશે. અન્યથા તમારા ખર્ચે અને જોખમે બજાર ભાવે વાહન ભાડે કરવામાં આવશે. અને જે ખર્ચ તમારા ખાતે લગાડવામાં આવશે.

19 કોઇપણ મુસાફરીની શરુઆત (કિલોમીટર) જે તે સંલગ્ન પેટા વિભાગ/વિભાગીય કચેરી વીંછીયા ઓફીસથી અને મુસાફરીનો અંત (કિલોમીટર) પણ જે તે સંલગ્ન પેટા વિભાગ/વિભાગીય કચેરી વીંછીયા ઓફીસ સુધી ગણાશે.

20 વાહનના ડીઝલ / બળતણ / લુબ્રીકન્ટસનો ખર્ચ અને તમામ પ્રકારનાં રીપેરીંગનો ખર્ચ કોંન્ટ્રાકટરે ભોગવવાનો રહેશે. ઓર્ડરમાં શેડયુઅલ- 'બી' માં દર્શાવેલ ચુકવણાથી વધારાનું કોઈ ચુકવણું કરવા પાત્ર રહેતું નથી.

21 પ્રીન્ટેડ બીલ દર મહીને ત્રણ નકલમાં એન્જીનીયર ઇન્ચાર્જને રજુ કરવાનું રહેશે, પેમેન્ટ દર મહીને એકાઉન્ટ પેયી ચેક/ઓનલાઇન/NEFT/RTGS થી જ એડવાન્સ સ્ટેમ્પ રસીદની સામે કરવામાં આવશે.

22 શેડયુઅલ- 'બી' માં દર્શાવેલ કી.મી. (૩૦૦૦) કરતાં વધારે કી.મી. આપનું વાહન એક માસ દરમ્યાન ચલાવવામાં આવેશે તો તે મહિનાના બિલ પાસિંગ માટે ફરજિયાત વર્તુળ કચેરીની લેખિત મંજૂરી મળ્યા બાદ જ પેમેન્ટ કરવામાં આવશે.

PGVCL
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ
વિભાગીય કચેરી જસદણ
સરકારી હોસ્પિટલ નજીક, ગેબનશાહ સોસાયટી
જુનું પાવર હાઉસ, જસદણ -૩૬૦૦૫૦
ફોન-(૦૨૮૨૧ ) ૨૨૨૦૫૧/૫૨, ફેક્સ- (૦૨૮૨૧) ૨૨૨૦૫૩

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ
રજી. એન્ડ કોર્પોરેટ ઓફિસ
"પશ્ચિમ ગુજરાતવીજ સેવા સદન"
નાના મવા રોડ,લક્ષ્મીનગર, રાજકોટ- ૩૬૦૦૦૪
CIN: U40102GJ2003SGC042908
ફોન-(૦૨૮૧) ૨૩૮૦૪૨૫/૨૭, ફેક્સ -(૦૨૮૧) ૨૩૮૦૪૨૮
વેબ સાઈટ :www.pgvcl.com

23 કોંન્ટ્રાકટરે વાહનની લોગબુક રોજે-રોજ લખવાની રહેશે તથા જે તે અધિકારીની મુસાફરી માટે તેમાં કિલોમીટર રીડીંગ સાથે અધિકારીની સહી લેવાની જવાબદારી કોંન્ટ્રાકટરની રહેશે અને તેની ચાર નકલ દર માસે બિલ સાથે રજુ કરવાની રહેશે.

24 આપનું વાહન ૨૪ કલાક માટે સમગ્ર મહિના દરમ્યાન આપવાનું રહેશે. જો ઠેકેદાર/કોન્ટ્રાકટર વાહન આપવામાં નિષ્ફળ જાય તો તેના R.A. બિલ માથી કપાત બિલ પ્રો-રેટા અથવા વાસ્તવિક ખર્ચના આધારે બનવવામાં આવશે.

25 વાહનની કિલોમીટર ચેઈન જે દિવસે બંધ હશે તેને તાત્કાલીક રીપેર કરી ચાલુ કરવાની રહેશે. અન્યથા અધિકારીના સર્ટીફીકેટ મુજબના કિલોમીટર માન્ય રહેશે.

26 સરકારશ્રીના નિયમોને આધીન ટોલ ટેક્ષનું ચૂકવણું કરવામાં આવશે, જેમાં પ્રવર્તમાન નિયમો મુજબ FASTAG (ફાસ્ટ ટેગ) આધારિત આકારણી પ્રમાણે અલગથી ચૂકવવામાં આવશે. તથા સરકારશ્રીના નિયમોના ફેરફારને આધીન રહેશે. ટોલ ટેક્ષનુંની પાવતી ઉપર સાથે મુસાફરી કરનાર અધિકારી પાસે એપ્રુવ કરાવવાની રહેશે અને તેના નાણાં જે તે મહિનાના બિલ સાથે ઓરિજિનલ પહોંચ/સ્ટેટમેન્ટ રજૂ કરી માંગણી કરવાની રહેશે જે વાહનભાડાના જે તે માસના બિલ સાથે ચુકવી આપવામાં આવશે.

27 ટેન્ડરમાં મંજૂર થયેલ ભાવ ડીઝલના ૯૧.૯૫/- રૂપિયા પ્રતિ લિટર મુજબના રહેશે. સરકાર માન્ય PSU કંપનીના માન્ય ભાવ મુજબ પ્રતિ માસની ૧ લી તારીખના ડીઝલના ભાવ અને રૂ.૯૧.૯૫/- ના તફાવતની રકમના ૮% લેખે પ્રતિ કિમીએ ચૂકવવામાં/વસૂલવામાં આવશે.

28 જરૂર જણાયે કાર્યપાલક ઇજનેરશ્રીની મંજૂરી મેળવ્યા બાદ આ જ દરે વધુ વ્હીકલ એજન્સીએ મોકલવાનું રહેશે.

29 ભાડાનું વાહન "પુલ સીસ્ટમ" માં કાર્યપાલક ઇજનેર અથવા સક્ષમ અધિકારીશ્રી દ્વારા ફાળવેલ અધિકારી હેઠળ રહેશે અને તેઓની સુચનાને જ અનુસરવાનું રહેશે.

30 દરરોજના રીડીંગ વાહન ઇન ચાર્જ અધિકારીશ્રીને સંપૂર્ણ વિગત સાથે રૂબરૂ આપવાના રહેશે.

31 ટેન્ડર મંજુર થયે દિન 30 માં વાહન પૂરું પાડવાનું રહેશે. અન્યથા કંપનીનાં નિયમાનુસાર EMD / Deposite જપ્ત કરવા, Stop Deal / Black List કરવા વગેરે કાર્યવાહી કરવામાં આવશે.

32 ઓર્ડરની સમય મર્યાદામાં કોન્ટ્રાકટર કોઈપણ સંજોગોમાં વાહન પૂરૂ ન પાડતા ઓર્ડર રદ કરશો તો કંપનીનાં નિયમાનુસાર EMD / Deposite જપ્ત કરવા, Stop Deal / Black List કરવા વગેરે કાર્યવાહી કરવામાં આવશે.

33 પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી. દ્વારા ગમે ત્યારે નોટીસ આપ્યા સીવાય ઓર્ડર રદ કરવામાં આવશે. જેનાં માટે કોન્ટ્રાકટર કોઇ વાંધો ઉઠાવી શકશે નહીં.

34 ઓર્ડર મળ્યા બાદ વાહન કચેરીના ઉપયોગ અર્થે આપ્યા પહેલા તે વાહનમાં કોન્ટ્રાકટરે ફરજિયાત જી.પી.એસ. સ્વ-ખર્ચે લગાવીને જ આપવાનું રહેશે. તેમજ તે જી.પી.એસ. નો રિપોર્ટ દરેક માસના બિલ સાથે ફરજિયાત રજૂ કરવાનો રહેશે.

35 કોઇપણ મતભેદ ઉપસ્થિત થાય તો ન્યાયક્ષેત્ર જસદણ/રાજકોટ જ રહેશે.

36 કોઇપણ મતભેદ ઉપસ્થિત થાય તો નીચે સહી કરનારનો નિર્ણય આખરી અને કોન્ટ્રાકટરને બંધનકર્તા રહેશે.

37 **PGVCL GSTIN No. is 24AADCP1453C1ZZ**

38 **Every Bidder has to inform their GSTIN No. at the time of payment of applicable fees.**

39 કોન્ટ્રાક્ટરોએ કંપનીના કર્મચારીઓને અકસ્માત અથવા ડ્રાઈવરના ગેરવર્તણુંક ને કારણે ઉદભવતા કોઈપણ દાવા સામે પ્રતિરક્ષણ આપવાનું રહેશે. ત્રાહિત પક્ષના જોખમને કવર કરવા માટે વાહનોને હમેશા યોગ્ય રીતે વીમો રાખવાનો રહેશે. અને તે જ સમયે જાહેર જનતા, પોલીસ, વિભાગ વગેરેના દાવાઓ સામે કંપનીને પ્રતિરક્ષા આપવાની જ્વાબદારી કોન્ટ્રાક્ટરની રહેશે.

**કાર્યપાલક ઈજનેર,**

**પ.ગુ.વિ.કું.લી., વિભાગીય કચેરી,જસદણ**